જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૯/૨૦૧૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૩૧૩/૧૪**

## રીઢા ઘરફોડ ચોરને મુદ્દામાલ સાથે જબ્બે કરતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાશં શુકલ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી ક્રાઇમબ્રાંચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એચ.સરવૈયા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની શહેર વિસ્તારના નાસતા ફરતા આરોપી પકડવા અંગેની કાર્યવાહી કરવાનું જણાવતાં અમદાવાદ શહેર વિસ્તારમાં પો.ઇ.શ્રી જે.એચ.સરવૈયા સાહેબ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન ફરતા ફરતા રખિયાલ ચાર રસ્તા પાસે આવતાં સાથેના હે.કો. કૃષ્ણકુમાર પ્રતાપસિંહ તથા પો.કોન્સ. નિશારઅહેમદ ઉસ્માનમીયાં નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે, " એક ઇસમ સંજય ઉર્ફે લોખંડ મરાઠી કે જેણે શરીરે વાદળી કલરનો શર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ છે જે ઇસમ પોતાની પાસે ચોરીનો મોબાઇલ ફોન લઇને ફરે છે" વિગેરે મતલબની બાતમી હકીકત આધારે સંજય ઉર્ફે લોખંડ સુખદેવભાઇ ભીલાડે (મરાઠી) ઉવ.૨૦ ધંધો: મજુરી રહે, આંબેડકર નગરનાં છાપરા, રામીની ચાલી સામે, રખિયાલ, અમદાવાદ નાનો મળી આવેલ. જેની અંગઝડતી તપાસમાંથી ઝોલો કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૭૫૦૦/- તથા પંચ ધાતુના ચાર સિક્કા જે પીળી તથા સફેદ ધાતુના જુદી જુદી ડીઝાઇનના કિ.રૂ.૬૦૦/- તથા મરુન કલરનું વુડલેન્ડ નું પાકીટ તથા ઇલેક્શન કાર્ડ તથા આર.સી.બુક ની કોપી કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૮૧૦૦/- નો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરવામાં આવેલ. આરોપીને આજ રોજ તા.૧૨/૦૯/૨૦૧૪ ના ક.૧૧/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરવામાં આવેલ છે. સદરી આરોપી અગાઉ કલોલ સત્યમ સોસાયટી ખાતે ચોકીદારનું ખુન કરી લુંટ કરેલ જે ગુનામાં પકડાયેલ છે તેમજ ગોમતીપુર, બાપુનગર, અમરાઇવાડી પોલીસ સ્ટેશનોમાં પણ અગાઉ ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે.

## ગેરકાયદેસર એક દેશી તમંચો તથા કારતુસ નંગ-૨ ની સાથે એક ઇસમને ઝબ્બે કરતી એસઓજી ક્રાઇમ

જેસીપી શ્રી એ.કે.શર્મા તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુક્લા ક્રાઇમ બ્રાન્ચ તથા એસીપી શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ આગામી દિવસોમાં ભારતના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્ર મોદી નાઓ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોઇ જે અનુસંધાને તકેદારી જાળવવા સારુ તેમજ ગેરકાયદેસર હથિયારના ગુનાઓ શોધી કાઢવા તથા એસઓજીને લગતા હેડની કામગીરી કરવા સારૂં પોસઇ શ્રી કે.એચ.રાઠોડ નાઓ પોતાના સ્કોડના માણસો સાથે આજરોજ તા.૧૨/૦૯/૨૦૧૪ ના રોજ સઘન પેટ્રોલીંગમાં હતા. અને સ્ટાફના માણસો થકી મળેલ બાતમી હકીકત આધારે એક ઇસમ નામે શબ્બીરમીયાં યાકુબમીયાં શેખ ઉવ.૫૫ રહે, ઘર નં.૩૨૪, મોટો વણકર વાસ, પથ્થરવાળી મસ્જીદની પાછળ, શાહપુર અડ્ડા, શાહપુર, અમદાવાદ હાલ રહે, ૧૦૨, અલસુભાન ફ્લેટ, ગુલાબ

પાર્ક સોસાયટી, એ-વન હાઇસ્કુલ રોડ, જુહાપુરા, વેજલપુર, અમદાવાદ નાને વિશાલા સર્કલ પાસે હોટલ દાના પાની આગળ જાહેરમાંથી એક દેશી બનાવટનો તમંચો કિ.રૂ.૨૦૦૦/- તથા જીવતા કાર્ટીજ નંગ-૨ કિ.રૂ.૨૦૦ ની સાથે પકડી અટક કરી તેના વિરુધ્ધમાં હથિયારધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. ઉપરોકત ઇસમ અગાઉ ખુન કેસના બે ગુનામાં તેમજ હથિયારધારાના એક ગુનામાં પકડાયેલ હતો. આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ક્રાઇમ નાઓએ હાથ ધરેલ છે. તા.૧૨/૦૯/૨૦૧૪

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.